# દેવે આપણાં માટે હલવાન પૂરૂં પાડ્યું છે.

બાળકોને પ્રભુની મેજની કદર માટે સહાય કરો.

આમાંથી કોઈ બાળકોની પ્રવૃત્તિ પસંદ કરો.



**શિક્ષક અથવા કોઈ મોટો વિદ્યાર્થી** : ઈબ્રાહીમ અને ઈસ્હાકની વાર્તા મોઢે કહો અથવા વાંચો. **ઉત્ત.૨૨:૧-૧૮**

આ વાર્તા બતાવે છે કે એક જુવાન છોકરાનું જીવન બચાવવા માટે દેવે કેવી રીતે હલવાન પૂરૂ પાડ્યું.

આ વાર્તા ઉપરથી નીચેનાં **પ્રશ્નો પૂછો.**

- દેવે ઈબ્રાહીમના વિશ્વાસની કેવી રીતે કસોટી કરી?(જવાબ કલમ-૨)
- ઈબ્રાહીમ દેવને કેવી સારી રીતે આધીન થયો ?(૩)
- મુસાફરી દરમ્યાન ઈસ્હાકે ઈબ્રાહીમને ક્યો પ્રશ્ન પૂછયો ?(૭)
- ઈબ્રાહીમે શો જવાબ આપ્યો ?(૮)
- દેવે ઈબ્રાહીમને ઈસ્હાકને મારી નાખતાં કેવી રીતે રોક્યો ?(૧૧)
- દેવે અર્પણ માટેની જરૂરીયાત કઈ રીતે પૂરી કરી ?(૧૩)
- આ આધીનતા માટે દેવે ઈબ્રાહીમને ક્યા આશિર્વાદો આપ્યાં?(૧૬-૧૮)

હવે સમજાવો કે જેમ ઈસ્હાકના બદલે હલવાનનું બલિદાન અપાયું તે જ રીતે દેવનું હલવાન આપણા બદલામાં વધસ્તંભ ઉપર મરણ પામ્યું તેના માંસ અને રક્તમાં ભાગીદાર થવા  આપણે પ્રભુની મેજમાં ભાગ લઈએ છીએ.

હવે આપણે ઉતપત્તિ ૨૨:૧-૧૮નું **નાટક** ભજવવાનું છે. સભાના આગેવાન સાથે નક્કી કરીને ભજનના સમય વખતે આ નાટક બાળક પાસે કરાવો. મોટાઓ પણ તે જુએ. નીચે દર્શાવેલું ગીત ચિત્રો સાથે બાળકો પાસે ગવડાવો. કોઈ મોટા છોકરાં અથવા મંડળીના સભ્ય દ્વારા ભાગ-૧ કરાવડાવો.૧) ઉદ્‌ઘોષક ૨) દૂત  અને ૩) ઈબ્રાહીમ

- ઈબ્રાહીમના હાથમાં ચપ્પુ અને દોરડું છે. તે તેનો ઉપયોગ કરવા જાય છે તેવું દર્શાવવું.
- એક નાનો છોકરો ઈસ્હાક બને. બીજો નાનો છોકરો હલવાન બને જે ઘુંટણીએ ચાલે. કેટલાંક ચાકરો બને જેમનાહાથમાં લાકડીઓમો ભારો હોય.

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો પ્રથમ ભાગ કલમ ૧-૬ ઉપરથી બોલો 'જુઓ, દેવે ઈબ્રાહીમને શું કહ્યું તે સાંભળો'

**દૂત** : ''સર્વશક્તિમાન ઈશ્વર તારા દીકરાનું મોરિયાહ પહાડ ઉપર બલિદાન ચઢાવવાની આજ્ઞા કરે છે.'' નોકરો જાય છે અને પાછા આવે છે તે વખતે તેમની સાથે ઈસ્હાક, લાકડીનો ભારો અને ચપ્પુ હોય છે (વસ્તુઓ ના હોય તો હોય તેવો દેખાવ કરી શકાય)તે ઈબ્રાહીમને આપે છે.

**ઈબ્રાહીમ** : ભારો ઈસ્હાકના ખભા પર મૂકે છે (અથવા તેવો દેખાવ કરી શકાય) પછી છરો લે છે. ઈસ્હાક સાથે ચાલે છે. પછી **ઉદ્‌ઘોષક** -  વાર્તાનો બીજો ભાગ કલમ ૭-૧૦ પ્રમાણે બોલે. અને કહે 'સાંભળો, ઈસ્હાક શું કહે છે ?''

**ઈસ્હાક** : પિતાજી, બલિદાનને માટે ઘેટું ક્યાં છે ?

**ઈબ્રાહીમ** : દેવ પૂરૂં પાડશે.

**ઈસ્હાક** : ટેબલ કે ખુરશી પર આડો પડી જાય છે. (તે વેદી છે)

**ઈબ્રાહીમ** : દોરડાથી ઈસ્હાકને બાંધે છે. (અથવા દેખાવ કરવો) પછી છરો ઉંચો ઉગામે છે.

**દુત** : 'થોભી જા' તેને મારીશ નહિ. હું જાણું છું કે તું દેવ પર પ્રેમ રાખે છે તેથી તેં તારા દીકરાને તેનાથી પાછો રાખ્યો નથી.''

હવે **ઉદ્‌ઘોષક** વાર્તાનો ત્રીજો ભાગ કલમ ૧૧-૧૮ મુજબ બોલે છે. હલવાન બીજા રૂમમાંથી જોરથી બેં બેં કરે છે.

**ઈસ્હાક** : પિતાજી જૂઓ, એક ઘેટું ઝાડવામાં ફસાયું છે. દેવે આપણે માટે અર્પણ પૂરૂં પાડ્યું છે. ઈબ્રાહીમ ઈસ્હાકને છોડે છે અને કહે છે જા જઈને ઘેટાંને વેદી પાસે લઈ આવ અને તેને બાંધ.

**દૂત** : ઈબ્રાહીમ, દેવની અનંતકાળની પ્રતિજ્ઞા સાંભળ. તારી આધીનતાને માટે તે તને આશિર્વાદ આપશે. તેને ઘણાંજ સંતાનો થશે તેઓમાંના એક મારફતે તે સર્વ દેશોને આશિર્વાદ આપશે.ઉદ્‌ઘોષક નાટકમાં ભાગ લેનાર બધાંનો આભાર માને.છે.

**એક હલવાનનું ચિત્ર દોરો.**



- બીજી આભારસ્તુતિની સભા વખતે બાળકોને પોતાનો ચિત્રો બતાવવાની તક આપો. અન સમજાવો કે આ ચિત્ર દ્વારા આપણે શીખીએ છીએ કે પ્રભુ ઈસુ આપણા પાપ લઈ લેવા માટે દેવનું હલવાન બન્યાં.
- આ વખતે મોટાં છોકરાં નાનાઓની મદદ કરે.

બાળકોને દર્શાવો કે ઈબ્રાહીમને દેવેજે વચન આપ્યું તે ખ્રિસ્ત ઈસુમાં આજે કેવી રીતે સાચું પડ્યું છે રૂ-૬ઃ૨૩ **મોઢે કરાવો.**

ચાર બાળકો ગી.૨૭માંથી કલમ ૧,૨,૧૩ અને૧૪ મોઢે બોલે.

યહોવાહ મારું અજવાળુ તથા મારૂં તારણ છે હું કોનાથી બીંઉં?

યહોવાહ મારા જીવનનું સામર્થ્ય છે મને કોનું ભય લાગે ?

યહોવાહ પાસે મેં એક વરદાન માંગ્યું છે કે યહોવાહનું મંદિર મારી જીંદગીના સર્વ દિવસો પર્યંત મારૂં નિવાસસ્થાન થાય જેથી તેના સૌંદર્યનું અવલોકન કર્યા કરૂં અને તેના પવિત્રસ્થાનમાં તેનું ધ્યાન ધરૂં.

મને હજુ આ બાબતનો ભરોસો છે.

મારા વસવાટના દેશમાં હું ઈશ્વરની ભલાઈને જોઈશ.

યહોવાહની વાટ જો, બળવાન થા અને હિમ્મત રાખ. હા, યહોવાહની વાટ જો.

દેવે આપણા તારણને માટે ઘેટું (હલવાન) પૂરૂં પાડ્યું છે. તેને લગતું ગીત બાળકો અઠવાડીયા દરમ્યાન લખે તેવું ઉત્તેજન આપો.

**પ્રાર્થના :** જીવંત પિતાજી, દેવના હલવાન તરીકે તમે તમારો પુત્ર અમારે માટે મરણ પામવા આપ્યો માટે અમે તમારો આભાર માનીએ છીએ. તેમનું બલિદાન અમારી માફીની તમામ જરૂરિયાતો તમે સંતોષી તેટલું મહાન છે. અમે મેજમાં ભાગ લઈએ ત્યારે તે સ્મરણમાં રાખવા અમારી સહાય કરો. ઈબ્રાહીમની જેમ અમે તમને આધીન થઈએ એવું મન અમને આપો.